eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 115
August 17, 2007

## લખપતિ અર્બન હેલ્થ સેન્ટર કમ મેટરનીટી હોમ દ્વારા ચોકબજાર રાજા ઓવારા વિસ્તારમાં ફ્રી મેડીકલ ચેકઅપ કેમ્પ



"નિર્મળ ગુજરાત – નિર્મળ સુરત ૨૦૦૭" અંતર્ગત તા.૩૧/૦૮/૦૭ને શુક્રવારના રોજ સવારે ૦૯:૦૦ થી ૦૨:૦૦ કલાક દરમ્યાન લખપતિ અર્બન હેલ્થ સેન્ટર કમ મેટરનીટી હોમ દ્વારા ચોકબજાર રાજા ઓવારા વિસ્તારમાં ફ્રી મેડીકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

વધુ માટે કલીક કરો >>>>>>

## સેન્ટ્રલ ઝોનની કામગીરી

સુરત શહેરના સેન્ટ્રલઝોન વિસ્તારમાં નાનપુરા, લીમડાચોક, ભાગાતળાવ, સોદાગરવાડ વિસ્તારમાં આવેલી મિલકતના મિલકતદારોશ્રીએ અનઅધિકૃત બાંધકામને અધિકૃત કરવા ઈમ્પેક્ટ ફી કાયદા હેઠળ અરજી કરેલ. જે અંગે નિયમોનુસાર ફોર્મ 'એ' ની નોટિસ બજાવેલ.

વધુ માટે કલીક કરો >>>>>>

## લિંબાયત ઝોનની કામગીરી

આજ રોજ તા.૨૪/૦૮/૦૭ના દિવસે અત્રેના સાઉથ ઝોન (લિંબાયત)નાં શહેર વિકાસ તથા દબાણ ખાતાની મદદથી ડ્રા.ટી.પી.સ્કીમ નં.૪૦ (લિંબાયત–ડિંડોલી)નાં રીઝર્વેશન પ્લોટ નં. ચ–૧૫ (પબ્લીક યુટીલીટી)માં શરૂ કરવામાં આવેલ આર.સી.સી. કોલમ તથા ગાઉન્ડ બીમનું આશરે ૪૦૦ ચો.ફુટનું ગેરકાયદેસર બાંધકામ તોડીને દુર કરવામાં આવેલ.

વધુ માટે કલીક કરો >>>>>>

## સરથાણા નેચરપાર્ક–પ્રાણી સંગ્રહાલય શીતળા સાતમ નિમિત્તે ખુલ્લું રાખવામાં આવેલ

સુરત મહાનગર સેવા સદન સંચાલિત સરથાણા નેચરપાર્ક (પ્રાણી સંગ્રહાલય) તા.૦૩/૦૯/૦૭ને સોમવારના રોજ શીતળા સાતમ નિમિત્તે જાહેર જનતા માટે સવારે ૧૦:૦૦ વાગ્યાથી સાંજે ૬:૦૦ કલાક સુધી ખુલ્લું રહેશે.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુમસેસની ૩૫ મી નાટય સ્પર્ધાનો થનારો પ્રારંભ

સુરત મહાનગર સેવા સદન દ્વારા પ્રતિ વર્ષ યોજાતી ત્રિઅંકી નાટય સ્પર્ધા આ વર્ષે તા.૬/૦૯/૦૭ થી તા. ૧૪/૦૯/૦૭ દરમ્યાન ગાંધીસ્મૃતિ ભવન, નાનપુરા, સુરત ખાતે યોજાશે.

વધુ માટે કલીક કરો >>>>>>

## "આપના ઝોનના દ્વારે" અંતર્ગત સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનની કામગીરી



સુરત શહેર વિસ્તારમાં પ્રશ્નોને વાચા આપવા તેમજ પ્રશ્નોના નિરાકરણ કરવા અર્થે સુરત મહાનગર સેવા સદન તરફથી દરેક ઝોન ખાતે "આપના ઝોનના દ્વારે" કાર્યક્રમનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. સદર આયોજનનાં ભાગરૂપે આજરોજ તા.૦૩/૦૯/૦૭ના રોજ સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારના પ્રશ્નો અંગે અઠવાલાઈન્સ સ્થિત ઈન્ડોર સ્ટેડિયમ કંપાઉન્ડમાં આવેલ સુમન સાંસ્કૃતિક ભવન ખાતે "આપના ઝોનના દ્વારે" કાર્યક્રમ યોજવામાં આવેલ.

વધુ માટે કલીક કરો >>>>>>

## તા.૦૩/૦૯/૦૭ નાં રોજ નોર્થ ઝોન(કતારગામ) દ્વારા ગેકાયદેસર બાંધકામ દુર કરવાની કામગીરી.

સત્યમ એપાર્ટમેન્ટમાં આવેલ સાર્થી સીરામીક ધોળકીયા ગાર્ડન સામે ટી.પી.સ્કીમ નં. –૧૮ રે.સ.નં. ૫૬ બી, ફા.પ્લોટ નં.૧૨૦ દ્વારા માર્જીનના ભાગે આર.સી.સી કોલમ ઉભા કરી સ્લેબ ભરી દેવાતા આજ રોજ અંદાજે ૨૦૦ ચો.ફુટ વિસ્તારનો આર.સી.સી. સ્લેબ દુર કરી કોલમ તોડી નાંખી વહીવટી ચાર્જ પેટે રૂા.૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

# લખપતિ અર્બન હેલ્થ સેન્ટર કમ મેટરનીટી હોમ દ્વારા ચોકબજાર રાજા ઓવારા વિસ્તારમાં ફ્રી મેડીકલ ચેકઅપ કેમ્પ




"નિર્મળ ગુજરાત – નિર્મળ સુરત ૨૦૦૭" અંતર્ગત તા.૩૧/૦૮/૦૭ને શુક્રવારના રોજ સવારે ૦૯:૦૦ થી ૦૨:૦૦ કલાક દરમ્યાન લખપતિ અર્બન હેલ્થ સેન્ટર કમ મેટરનીટી હોમ દ્વારા ચોકબજાર રાજા ઓવારા વિસ્તારમાં ફ્રી મેડીકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

મેડીકલ કેમ્પના કાર્યક્રમનું શુભ ઉદઘાટન આસી.કમિશ્નર શ્રી સી.વાય.ભટ્ટના હસ્તે દીપ પ્રગટાવી કરવામાં આવ્યું. આ કેમ્પમાં ઝોનમાં ઝોનલ ઓફિસરશ્રી, આસી.જંતુનાશક અધિકારીશ્રી, મુખ્ય આરોગ્ય નિરીક્ષકશ્રીએ હાજર રહી માર્ગદર્શન પુરૂ પાડેલ, તેમજ લખપતિ હેલ્થ સેન્ટરના મેડીકલ ઓફિસરશ્રી, જુનીયર મેડીકલ ઓફિસરશ્રી તથા હેલ્થ સેન્ટરનો તમામ સ્ટાફ હાજર રહ્યો હતો.

સદર કાર્યક્રમમાં કુલ ૧૭૦ દર્દીઓને સારવાર આપવામાં આવેલ જે પૈકી તાવના ૨૧, ચામડીના રોગના ૦૮, સામાન્ય ઝાડાના ૧૧ કેસો તપાસવામાં આવ્યા હતા. ૧૪ વ્યકિતઓને રસીકરણની સારવાર આપી બ્લડની ૧૧૩ સ્લાઈડ લેવામાં આવી. મેલેરિયા, ડેગ્યુ, ચિકનગુનિયા જેવા મચ્છરથી થતાં રોગોની અટકાયત માટે ૭૧૧ ઘરોમાં સર્વે કરી ૧૯૯૨ સ્પોટ ચેક કરી કુલ ૧૨ સ્થળોએ મચ્છર ઉત્પતિ સ્થાન શોધી તેનો નાશ કરવામાં આવેલ. ૧૦૦૦ કલોરીન ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યું. સદર કાર્યક્રમમાં SEXUALLY TRANSMITTED DISEASE, RANTCP, કોપર ટી., ટી.બી. (ક્ષય રોગ), કુંટુબ નિયોજન વિશે આવનાર તમામ લોકોને વિસ્તૃત માહિતી આપવામાં આવી.

TOP

# સેન્ટ્રલ ઝોનની કામગીરી

સુરત શહેરના સેન્ટ્રલઝોન વિસ્તારમાં નાનપુરા, લીમડાચોક, ભાગાતળાવ, સોદાગરવાડ વિસ્તારમાં આવેલી મિલકતના મિલકતદારોશ્રીએ અનઅધિકૃત બાંધકામને અધિકૃત કરવા ઈમ્પેકટ ફી કાયદા હેઠળ અરજી કરેલ. જે અંગે નિયમોનુસાર ફોર્મ 'એ' ની નોટિસ બજાવેલ. ત્યાર બાદ મિલકતદારશ્રી દ્વારા ઈમ્પેકટ ફી ના નાણા ભરપાઈ કરાવેલ. પરંતુ ગુજરાત સરકારશ્રીના ઈમ્પેકટ કાયદામાં આવેલ એમેન્ડમેન્ટ એકટ હેઠળ પાર્કિંગ ક્રિએશન ફી ના નાણા ભરવા જણાવેલ છતાં નાણા જમા કરાવેલ ન હતા. જે અંગે મે.આસી.કમિશનરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સુચના મુજબ કાયદેસરની કાર્યવાહી કરતા નીચે દર્શાવેલ મિલ્કતોના મિલકતદારોએ ઈમ્પેકટ ફી પાર્કિંગ ક્રિએશનના નાણા ગત પખવાડિયામાં કુલ રૂા.૮,૪૩,૫૮૭/– વસુલાત તેમજ રૂા.૬.૯૨ લાખના એડવાન્સ ચેક વસુલાત કરવામાં આવેલ છે.

ઉકત મિલકતોની વિગત નીચે મુજબ છે.

| | | | |
|---|---|---|---|
| 1. | વોર્ડ ૧/૭૭૮ | રૂા. ૧૯,૫૭૫/– | |
| 2. | વોર્ડ ૩/૩૨૧ | રૂા. ૧,૧૦,૬૧૭/– | |
| 3. | વોર્ડ ૯/૧૮૧૨ એ | રૂા. ૨૫,૦૦૦/– | + રૂા. ૬.૯૨ લાખના એડવાન્સ ચેક |
| 4. | વોર્ડ ૯/૧૮૧૨ બી | રૂા. ૧,૩૨,૦૩૫/– | |
| 5. | વોર્ડ ૧૧/૧૬૪૭ | રૂા. ૫,૦૦૦/– | |
| 6. | વોર્ડ ૧૨/૨૮, ૨૯ | રૂા. ૫૦,૦૦૦/– | |
| 7. | વોર્ડ ૧/૭૯૮ | રૂા. ૨,૭૬,૬૫૫/– | |
| 8. | વોર્ડ ૧૦/૨૬૦૪ | રૂા. ૧,૩૨,૦૩૩/– | |
| 9. | વોર્ડ ૭/૨૮૯ એ–૧૪ | રૂા. ૩૬,૦૭૨/– | |
| 10. | વોર્ડ ૫/૫૫૮ બ | રૂા. ૧૫,૦૦૦/– | |
| 11. | વોર્ડ ૪/૩૭૮૭ | રૂા. ૧૬,૬૦૦/– | |
| 12. | વોર્ડ ૧૦/૨૦૬૦ બ ૨૦૬૧ | રૂા. ૨૫,૦૦૦/– | |
| | કુલ રૂા. :– | ૮,૪૩,૫૮૭/– | |

TOP

## લિંબાયત ઝોનની કામગીરી

આજ રોજ તા.૨૪/૦૮/૦૭ના દિવસે અત્રેના સાઉથ ઝોન (લિંબાયત)નાં શહેર વિકાસ તથા દબાણ ખાતાની મદદથી ડ્રા.ટી.પી.સ્કીમ નં.૪૦ (લિંબાયત–ડિંડોલી)નાં રીઝર્વેશન પ્લોટ નં. R–૧૫ (પબ્લીક યુટીલીટી)માં શરૂ કરવામાં આવેલ આર.સી.સી. કોલમ તથા ગાઉન્ડ બીમનું આશરે ૪૦૦ ચો.ફુટનું ગેરકાયદેસર બાંધકામ તોડીને દુર કરવામાં આવેલ.

વધુમાં મોજે ગોડાદરાના બ્લોક નં.૧૬ વાળી મીલ્કતમા 'સુડા' તરફથી મંજુર થયેલ પ્લાન વિરૂધ્ધ બ્લોકના દક્ષિણ ભાગના ૯.૦ મી. પહોળાઈના રસ્તા પર કરવામાં આવેલ આશરે ૪૪૦૦ ચો.ફુટનું ગેરકાયદેસર બાંધકામ કાયદેસરની કાર્યવાહી કરીને તોડી દુર કરવામાં આવેલ તથા મોજે ગોડાદરાનાં બ્લોક નં.૧૮૩ માં સી.ઓ.પી. વાળા ભાગમાં આશરે ૧૪૫૦ ચો.ફુટ વિસ્તારમાં શરૂ કરવામાં આવેલ આર.સી.સી.કોલમ, ફુટીંગનું બાંધકામ તોડીને દુર કરવામાં આવેલ.

TOP

## સરથાણા નેચરપાર્ક–પ્રાણી સંગ્રહાલય શીતળા સાતમ નિમિત્તે ખુલ્લું રાખવામાં આવેલ

સુરત મહાનગર સેવા સદન સંચાલિત સરથાણા નેચરપાર્ક (પ્રાણી સંગ્રહાલય) તા.૦૩/૦૯/૦૭ને સોમવારના રોજ શીતળા સાતમ નિમિત્તે જાહેર જનતા માટે સવારે ૧૦:૦૦ વાગ્યાથી સાંજે ૬:૦૦ કલાક સુધી ખુલ્લું રહેશે. જેથી જાહેર જનતાને નેચરપાર્કની મુલાકાતનો લાભ લેવા પ્રાણી સંગ્રહાલયના વડા ડૉ.પી.સી.મેહતાએ એક યાદીમાં જણાવેલ છે.

TOP

# સુમસેસની ૩૫ મી નાટય સ્પર્ધાનો થનારો પ્રારંભ

સુરત મહાનગર સેવા સદન દ્વારા પ્રતિ વર્ષ યોજાતી ત્રિઅંકી નાટય સ્પર્ધા આ વર્ષે તા.૬/૦૯/૦૭ થી તા. ૧૪/૦૯/૦૭ દરમ્યાન ગાંધીસ્મૃતિ ભવન, નાનપુરા, સુરત ખાતે યોજાશે. ૩૫ મી નાટય સ્પર્ધાની આ શ્રેણીમાં શહેરની કુલ ૯ નાટય સંસ્થાઓના નાટકો ગાંધી સ્મૃતિ ભવનના તખ્તે રજુ થશે. નાટય સ્પર્ધા તા.૬/૦૯/૦૭ના રોજ મા.મેયરશ્રીના વરદહસ્તે ખુલ્લી મુકાશે. તા.૧૪/૦૯/૦૭ના રોજ મા.મેયરશ્રી ડો.કનુભાઈ માવાણીના વરદહસ્તે નાટય સ્પર્ધાનો સમાપન સમારંભ તથા ઈનામ વિતરણ યોજાશે. જેમાં પ્રમુખ તરીકે મા.મેયર ડો.કનુભાઈ માવાણી તથા અતિથિવિશેષ પદે ડે.મેયર શ્રીમતી સુષ્માબેન અગ્રવાલ, સ્થાયિ સમિતિના ચેરમેન શ્રી રણજીતભાઈ ગીલીટવાલા તથા શાસક પક્ષના નેતા શ્રી રાજેશભાઈ દેસાઈ પધારશે. આ નાટય સ્પર્ધામાં નીચે મુજબની કૃતિઓ રજુ થશે.

## —: ૩૫ મી નાટય સ્પર્ધાનો કાર્યક્રમ :—

| નાટકનો ક્રમ | નાટકની તારીખ | નાટકનું નામ | નાટક સંસ્થાનું નામ | દિગ્દર્શકનું નામ |
|---|---|---|---|---|
| 1. | 6/09/07 | એક દિશા ચાણકય | વિદ્યામંદિર સોસાયટી સંચાલિત ઝેડ.એફ.વાડિયા વિમેન્સ કોલેજ એન્ડ એન.કે.જહોટા કોલેજ ઓફ કોમર્સ | શૈલેન્દ્ર વડનેરે |
| 2. | 7/09/07 | એક હતી જસ્મા "ઓડાણ" | મલ્હાર | સોનલ વૈદ્ય કુલકર્ણી |
| 3. | 8/09/07 | લાગણીના ઘરમાં આપણે | સ્ટુડન્ટ યુથ સર્કલ (સુરત) | દીલીપભાઈ એમ.દેસાઈ |
| 4. | 9/09/07 | પરણું તો અનેજ પરણું | સંભવ ગ્રૃપ | વિશાલ આઈ.જરીવાલા |
| 5. | 10/09/07 | ધુમ્રસેર | રાષ્ટ્રિય કળા કેન્દ્ર, સુરત | મેહુલ શર્મા |
| 6. | 11/09/07 | જન્મ | સુરત કલ્ચરલ એકેડેમી | પ્રકાશ મહેતા |
| 7. | 12/09/07 | ચાલને ડિયર મારા પિયર | શિવોહમ આટર્સ | નિરજ નાયક |
| 8. | 13/09/07 | ઓ માય લવ | સમાંતર થિયેટર | કેતનભાઈ રાઠોડ |
| 9. | 14/09/07 | મૃગને શોધ કસ્તુરીની | એમ સ્કેવર આર્ટસ | સલિલ ઉપાધ્યાય/વિનસ શાહ |

TOP

# "આપના ઝોનના દ્વારે" અંતર્ગત સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનની કામગીરી



સુરત શહેર વિસ્તારમાં પ્રશ્નોને વાચા આપવા તેમજ પ્રશ્નોના નિરાકરણ કરવા અર્થે સુરત મહાનગર સેવા સદન તરફથી દરેક ઝોન ખાતે "આપના ઝોનના દ્વારે" કાર્યક્રમનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. સદર આયોજનનાં ભાગરૂપે આજરોજ તા.૦૩/૦૯/૦૭ના રોજ સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારના પ્રશ્નો અંગે અઠવાલાઈન્સ સ્થિત ઈન્ડોર સ્ટેડિયમ કંપાઉન્ડમાં આવેલ સુમન સાંસ્કૃતિક ભવન ખાતે "આપના ઝોનના દ્વારે" કાર્યક્રમ યોજવામાં આવેલ. જે અન્વયે દૈનિક સમાચાર પત્રોમાં જાહેર નિવિદા આપી, જાહેર જનતા પાસેથી તા.૨૨/૦૮/૦૭ સુધીમાં લેખિતમાં અરજીઓ મંગાવવામાં આવેલ. જેની મુદત તા.૨૭/૮૭/૦૭ સુધી લંબાવવામાં આવેલ. આ સમયગાળા દરમ્યાન સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનના કુલ–૩૨ અરજદારોએ વિવિધ પ્રકારના કુલ–૬૪ પ્રશ્નોની લેખિતમાં રજુઆત કરેલ.

આજરોજ તા.૦૩/૦૯/૦૭ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે સુમન ભવન, ઈન્ડોર સ્ટેડિયમ કમ્પાઉન્ડ, અઠવાલાઈન્સ ખાતે મા.મેયરશ્રી, મા.ડે.મેયરશ્રી તેમજ સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનના વિવિધ વોર્ડના મ્યુ.સદસ્યશ્રીઓ તેમજ મ્યુ.કમિશ્નરશ્રી, ડે.કમિશ્નરશ્રી (સ્પે.), કાર્યપાલક ઈજનેરશ્રી તથા વિવિધ ખાતાના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાસંગીક પ્રવચન મ્યુ.કમિશ્નરશ્રીએ આપ્યા બાદ ઉપસ્થિત મહાનુભવોએ દિપ પ્રાગટય કરી કાર્યક્રમની શુભ શરૂઆત કરવામાં આવેલ ત્યારબાદ મા.મેયરશ્રીએ "અપના ઝોનના દ્વારે" કાર્યક્રમ અંગેની ટુંકી રૂપરેખા, ઉપસ્થિત જાહેર જનતાને આપેલ.

સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનને "આપના ઝોનના દ્વારે" અંતર્ગત પુછાયેલા પ્રશ્નોની ક્રમાનુસાર પુર્તતા ડેપ્યુટી કમિશ્નરશ્રી (સ્પે.) તથા કાર્યપાલક ઈજનેરશ્રી, સાઉથ–વેસ્ટ (અઠવા) ઝોન દ્વારા કરવામાં આવેલ, જેમાં સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં અપુરતા દબાણથી અપાતા પાણીના સમસ્યા, વિવિધ વિસ્તારમાં લારી ગલ્લાનાં દબાણ તથા ન્યુસન્સની સમસ્યા, ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનમાં અનિયમિતતા જેવા પ્રશ્નો મુખ્યત્વે હતા.

"આપના ઝોનના દ્વારે" અંતર્ગત મળેલ વિવિધ પ્રશ્નોની યોગ્ય પુર્તતા મળતાં અઠવા ઝોન વિસ્તારની વિવિધ સોસાયટીઓ તેમજ અરજદારોએ સંતોષની લાગણી વ્યકત કરી હતી. આમ "આપના ઝોનના દ્વારે" કાર્યક્રમને સારો પ્રતિસાદ સાંપડેલ.

અંતમાં ડે.કમિશ્નર (સ્પે.) શ્રીએ આભારવિધિ પ્રવચન દ્વારા સર્વનો આભાર વ્યકત કરેલ.

TOP

## તા.૦૩/૦૯/૦૭ નાં રોજ નોર્થ ઝોન(કતારગામ) દ્વારા ગેકાયદેસર બાંધકામ દુર કરવાની કામગીરી.

સત્યમ એપાર્ટમેન્ટમાં આવેલ સાર્થી સીરામીક ધોળકીયા ગાર્ડન સામે ટી.પી.સ્કીમ નં. –૧૮ રે.સ.નં. ૫૬ બી, ફા.પ્લોટ નં.૧૨૦ દ્વારા માર્જીનના ભાગે આર.સી.સી કોલમ ઉભા કરી સ્લેબ ભરી દેવાતા આજ રોજ અંદાજે ૨૦૦ ચો.ફુટ વિસ્તારનો આર.સી.સી. સ્લેબ દુર કરી કોલમ તોડી  નાંખી વહીવટી ચાર્જ પેટે રૂા.૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

TOP